# ઉપધાન અંગે એક વિચારણા

ચિંતક : અંચલગચ્છનાયક પૂ. આ. શ્રી મહેંદ્રસૂરીશ્વરજી મ. સા.
રચના : સંવત ૧૨૯૪. ગ્રંથનું નામ : શતપદી ભાષાંતર. વિચાર ૯૬ મો.
પ્રકાશક : પ્રો. રવજી દેવરાજ કચ્છ કોડાયવાળા [સંવત : ૧૯૫૧]
પ્રેષક : શ્રી ખીમજી શીવજી હરિયા

**પ્રશ્ન:** મહાનિશીથમાં કહેલ ઉપધાન વિધિ તથા માળારોપણ કેમ નથી માનતા?

**ઉત્તર :** જો એ વાત માનીએ તો ઘણા આચાર્યો અને ઘણા ઘણા સાધુ–સાધ્વી, શ્રાવક–શ્રાવિકાઓને અનંત સંસારીપણું પ્રાપ્ત થાય છે; માટે અમે એ વાત નથી માનતા. કારણ કે, મહાનિશીથમાં ઉપધાનવિધિ કહ્યા પછી આ પ્રમાણે કહ્યું છે :

"હે ભગવન્! આવી મોહોટી નિયંત્રણા બાળજનો શી રીતે કરી શકે?" એના ઉત્તરમાં ભગવાન કહે છે કે, "હે ગૌતમ, જે કોઈ એ નિયંત્રણા નહિ ઇચ્છતાં વગર ઉપધાને નવકાર મંત્ર ભણે, ભણાવે, કે ભણતાને અનુમત કરે, તે પ્રિય ધર્મા કે દૃઢ ધર્મા ન હોય અને તેણે સૂત્રાર્થ તથા ગુરુની હીલના કરી તથા સર્વ અરિહંત અને આચાર્ય, ઉપાધ્યાય, સાધુ અને જ્ઞાનની પણ આશાતના કરી; જેથી તે અનંત સંસારી થઈ અનેક દુઃખ પામશે.

વળી ગૌતમે પૂછ્યું કે, 'ભગવન્! ઉપધાન વહેતાં તો બહુ વખત વીતે, તેટલામાં વચ્ચે કદાચ મરણ પામે તો નવકાર વિના શી રીતે ઉત્તમાર્થ સાધી શકે?' આના ઉત્તરમાં ભગવાને કહ્યું કે, 'હે ગૌતમ, જે સમયે, તેણે ઉપધાનના માટે કંઈ પણ તપ માંડ્યું કે તે સમયે જ તે સૂત્રાર્થ ભણ્યા સમજવા, માટે એ નવકાર મંત્રને અવિધિએ ગ્રહણ નહિ કરવું', કિંતુ એવી રીતે ગ્રહણ કરવું કે, 'જેથી ભવાંતરમાં પણ નાશ નહિ પામે.'

આ સૂત્રના અભિપ્રાયથી સ્પષ્ટ જણાય છે કે ઉપધાન વિધિ વિના નવકાર ભણે, ભણાવે કે અનુજ્ઞા આપે તે બધા અનંત સંસારી થાય, અને આજ કાલ તો કોઈ વિરલા આચાર્યો તથા દરેક ગચ્છમાં કોઈ કોઈક બે ચાર સાધુ–સાધ્વીઓને અને એકાદ બે શ્રાવક તથા થોડીક શ્રાવિકાઓ જ ઉપધાન વિધિ કરતાં દેખાય છે. ત્યારે બાકીના



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેઓએ ઉપધાન વિધિ નથી કરી એવા આચાર્ય, સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા તથા નવકાર ભણનાર ભદ્રક જનો મહાનિશીથના અભિપ્રાયે તો અનંત સંસારી જ થયા.

વળી જેમણે ઉપધાન વહ્યા છે, તેઓ પણ શરૂઆતમાં નાનપણમાં તો વગર ઉપધાને જ નવકાર શીખેલા, તેમ જ ઉપધાન વહ્યા બાદ પણ બાળકોને વગર ઉપધાને નવકાર ભણાવતા દીસે છે અને વળી ઉપધાન વિધિ વગરના શ્રાવક–શ્રાવિકા, ભદ્રક જન કે તિર્યંચોને મરણ વેળા નમસ્કાર આપતા દેખાય છે, તેથી એમને પણ અનંત સંસારીપણું ટળવું મુશ્કેલ જ છે.

હવે ભગવાનના અભિપ્રાય પ્રમાણે તો ઉપધાન વિધિ વિના પણ નવકાર વગેરે ભણતાં, ભણાવતાં કે અનુજ્ઞા દેતાં કોઈને પણ અનંત સંસારીપણું થતું નથી, કિંતુ સકળ કલ્યાણ માળાની જ પ્રાપ્તિ થાય છે, એ બાબત નીચેના દાખલા વિચારો.

ભક્ત પરિજ્ઞામાં કહ્યું છે કે ગોવાળ અજ્ઞાની છતાં, અને મીંઠ, ક્લિષ્ટકર્મી છતાં નવકારથી સુખી થયો.

આવશ્યકમાં ત્રિદંડી નવકારથી આ લોકમાં સુખી થયો વગેરે કહ્યું છે.

પ્રહાર વિધુર યુગબાહુને મદનરેખાએ નવકાર આપ્યાથી તે પાંચમા દેવલોકમાં ગયા.

જંબુસ્વામીના પિતા ઋષભદત્તે પોતાના લઘુ ભાઈ જિનદાસને નવકાર વગેરે ક્રિયા કરાવ્યાથી તે જંબુદ્વીપનો અધિપતિ અણાઢિઓ નામે દેવતા થયો છે.

તિર્યંચોમાં પણ કેટલાકને મહર્ષિઓએ અને કેટલાકને શ્રાવકોએ, પર્યંત ક્રિયા કરતાં નમસ્કારના પ્રભાવે દેવપણું તથા બોધબીજ મળ્યા છે.

દાખલા તરીકે પાર્શ્વનાથનો જીવ હાથી, મુનિસુવ્રત સ્વામી પ્રતિબોધિત અશ્વ, સોદાસનો જીવ ગેંડો, સહદેવીનો જીવ વાઘણ, વૈતરણીનો જીવ વાનર, ભદ્રક મહિષ, કંબળ સંબળ નામે બે બળદ, શ્રેષ્ઠિ પુત્રનો જીવ મત્સ્ય, નંદ મણિયારનો જીવ દેડકો, ક્ષુલકનો જીવ શુક, બીજા ક્ષુલકનો જીવ પાડો, ચંડ કૌશિક સર્પ, ભરૂચની શકુનિકા સેડુકનો જીવ દેડકો, ત્રિવિક્રમ ભટ્ટનો બોકડો, કમઠની પંચાગ્નિમાં બળતો સર્પ, કુરગડુકના પૂર્વલા ભવે તેનો જીવ દૃષ્ટિ વિષ–સર્પ, પ્રદ્યુમ્નની માતાનો જીવ કૂતરી, ચારુદત્તે આરાધના કરાવેલો બોકડો, સિંહસેન રાજાનો જીવ હાથી ઇત્યાદિ અનેક ઉદાહરણોમાં ઉપધાન વિના પણ આરાધકપણું દેખાય છે.

વળી સૂત્ર, નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, ટીકા તથા ટિપ્પનક વગેરે વર્તમાન આગમ ગ્રંથોમાં ક્યાં પણ ઉપધાનની વિધિ બતાવી નથી, માટે તે કેમ કરાય?

વળી આજ કાલ છ ઉપધાન વહોરાવાય છે. પંચ મંગળ મહા શ્રુતસ્કંધના, ઈર્યાપથ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રુતસ્કંધના, શુક્રસ્તવના અરિહંત ચેઈયાણું ઈત્યાદિ દંડકના, ચોવીસત્થાના અને પુખ્ખરવર-દીવેડ્ઢે ઈત્યાદિના પણ એ ઘટના યુક્તિ રહિત અને નવી કલ્પિત જેવી દેખાય છે. કારણ કે પંચમંગળ કંઈ જુદો શ્રુતસ્કંધ નથી, કિંતુ સર્વ શ્રુતસ્કંધનો અભ્યંતર ભૂત રહેલ છે. ઈરિયાવહી પણ પ્રતિક્રમણાધ્યયનનો એક દેશ છે. શક્રસ્તવ જ્ઞાતાદિકના અધ્યયનનો એક ભાગ છે તથા અરિહંત ચેઈયાણું વગેરા અને પુખ્ખરવરદીવડ્ઢે વગેરા કાઉસગ્ગ અધ્યયનના અવયવ છે અને ચોવીત્સથોએ એક અલગ અધ્યયન છે. આવી રીતે સિદ્ધાંતવાદીઓમાં પ્રસિદ્ધ વાત છે. છતાં ઉપધાન કરાવનારાઓએ નવકારનાં પાંચ અધ્યયન અને ઉપર ત્રણ ચુલિકા, ઈરિયાવહીના આઠ, શક્રસ્તવના બત્રીશ, ચોવિસત્થાના પચીશ, અર્હંત સ્તવના ત્રણ અને શ્રતસ્તવના પાંચ અધ્યયન ઠેરવ્યાં છે. માટે એ બધું કલ્પિત જ લાગે છે, કારણ કે એકને મહાશ્રુતસ્કંધ ઠેરાવ્યો, બીજાને શ્રુતસ્કંધ ઠેરાવ્યો અને બાકીનાને એમ જ રહેવા દીધા તેનું શું કારણ છે? વળી કયા સિદ્ધાંતમાં એક એક પદનાં અધ્યયન કહ્યાં છે તે પણ વિચારવા લાયક છે, તેમ જ સામાયિક, વાંદણાં, પડિકમણું વગેરે છ આવશ્યકના ઉપધાન નહિ કહેતાં ત્રુટક ઉપધાન કહ્યાં, ત્યાં પણ યુક્તિ નથી દેખાતી.

તથા ઉપધાનના તપ પેટે કહેવામાં આવે છે, જે પિસ્તાળીશ નોકારસી અથવા ચોવીસ પોરસી અથવા સોળ પુરિમઢ અથવા દશ અવઢ અથવા આઠ બ્યાસણા વડે ઉપવાસ લેખી શકાય, તે પણ આગમ ગ્રંથમાં કયાં પણ કહેલ નથી.

હવે એ બધું મહા નિશીથમાં કહેલ છે, પણ તે ગ્રંથ પ્રમાણ કરી શકાય તેવો નથી. કારણ કે, તેના કર્તાએ જ તે જ ગ્રંથમાં લખ્યું છે કે, 'ઈહાં જે વધઘટ લખાયું હોય તેનો દોષ શ્રુતધરોએ (મને) નહિ આપવો (કારણ કે) એનો જે પૂર્વાદર્શ હતો, તેમાં જ કયાંક શ્લોક, કયાંક પદ કે અક્ષર, કયાંક પંક્તિઓ, કયાંક પૂઠી, કયાંક બે બે ત્રણ ત્રણ પાનાં ઈત્યાદિ ઘણો ગ્રંથ નાશ પામેલ હતો. એ રીતે પહેલા અધ્યયનના પર્યંતે લખ્યું છે, તથા ત્રીજા અધ્યયનમાં લખ્યું છે કે, મહા નિશીથના પૂર્વાદર્શના ઉધઈએ કટકે કટકા કર્યાથી ઘણાં પાનાં સડી ગયાં હતાં તથા ચોથા અધ્યયનના અંતે લખ્યું છે કે, આ ચોથા અધ્યયનમાં ઘણાં સૈદ્ધાંતિક (સિદ્ધાંત માનનારા પુરુષો) કેટલાક આલાવા સમ્યક્ શ્રદ્ધતા નથી; માટે હરિભદ્રસૂરિ કહે છે કે તેથી મને તે બાબત સમ્યક્ શ્રદ્ધાન નથી.

વળી એ મહાનિશીથમાં ઉપધાનની માફક બીજી પણ અઘટિત વાતો છે. તેમાંથી કેટલીક ઈહાં બતાવીએ છીએ: (૧) આઉ કાયના પરિભોગમાં, તેઉકાયના સમારંભમાં, અને મૈથુન એ ત્રણેમાં બોધિ ઘાત જ થાય છે. તેમાં કંઈ પ્રાયશ્ચિતથી શુદ્ધિ થઈ શકે નહિ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨) માર્ગે ચાલતા સાધુએ સો સો ડગલે ઈરિયાવહી પડિકમવી.

(૩) આર્યાઓથી તેર હાથ વેગળા રહેવું અને મનથી શ્રુત દેવીની માફક સર્વ સ્ત્રીઓને પરિહરવી.

(૪) કલ્પ નહિ વાપરે તો ચઉત્થનો પ્રાયશ્ચિત આવે.

(૫) કલ્પ પરીઠવે તો દ્વાદશમ તપનું પ્રાયશ્ચિત આવે.

(૬) પાત્રા બંધનની ગાંઠો નહિ છોડે તો ચઉત્થ લાગે.

(૭) આઠ સાધુથી ઓછા સાધુઓને ઉત્સર્ગે કે અપવાદે સાધ્વીઓ સાથે ચાલવું ન કલ્પે. ત્યાં વળી સાધ્વીઓ પણ ઉત્સર્ગે ઓછામાં ઓછી દશ અને અપવાદે ચાર જોઈએ. વળી તેવી રીતે ચાલવાનું પણ સો હાથ સુધી જ કલ્પે. તે ઉપરાંત સાથે ચાલવું ન જ કલ્પે.

(૮) કાળી જમીનથી પીળીમાં જતાં, પીળીથી કાળીમાં જતાં; જળથી સ્થળમાં જતાં, સ્થળથી જળમાં જતાં વિધિએ કરી પગ પ્રમાર્જી પ્રમાર્જીને દાખલ થવું. નહિ પ્રમાર્જે તો બાર વર્ષનું પ્રાયશ્ચિત આવે.

(૯) રજ્જા સાધ્વીના અધિકારે કેવળી મહારાજા રજ્જાને કહ્યું કે, તમે બીજી સાધ્વીઓ આગળ બોલ્યા જે પ્રાસુક પાણીથી મારું શરીર બગડયું તેથી હવે એવું કોઈ પ્રાયશ્ચિત નથી, જે તમારી શુદ્ધિ કરે.

(૧૦) જે સ્ત્રી મનથી પણ શીલ ખંડે, તે સાત વાર સાતે નરકે જાય.

(૧૧) કોઈ માણુસ આ ભવમાં ઉગ્ર સંયમ તપ કરી શકતો નહિ હોય, છતાં સુગતિએ જવા ઈચ્છતો હોય, તો તે જો રજોહરણની એક દસી પણ ધારી રાખે તો હે ગૌતમ, મારી બુદ્ધિએ સિદ્ધક્ષેત્રની ઉપરલી માંડવીમાં ઉત્પન્ન થાય.

(૧૨) ઉપાનહ સહિત ચાલે, તો ફરી ઉપસ્થાપના લાયક થાય.

(૧૩) સોળ દોષ રહિત છતાં સાવદ્ય વચન બોલે તો ઉપસ્થાપના લાયક થાય.

(૧૪) સહત્કારે પણ જો રજોહરણ ખંધ પર નાખે, તો ઉપસ્થાપના લાયક થાય.

(૧૫) સ્ત્રીના અંગોપાંગને હાથ વડે, પગ વડે, દંડ વડે, હાથમાં ધરેલ દર્ભની અણી વડે કે પગની ઉડાવેલી રજ વડે પણ જે સંઘટ્ટો કરે તે પારાંતિ પ્રાયશ્ચિત પામે.

(૧૬) ચૈત્ય વાંદ્યા વગર સૂતાં તથા ગુરુની પાસે ઉપધિ, દેહ તથા અશનાદિકને સાગારી પચ્ચખાણ કરી વોસરાવ્યા વગર સૂતાં તથા કાનના વિવરણમાં કાપુસ પૂર્યા વગર સૂતાં ઉપસ્થાનના પ્રાયશ્ચિત આવે.

(૧૭) વાતના પ્રસ્તાવમાં વાત ચાલી છે કે તેણે પૂર્વલા ભવમાં સાધુપણામાં વચન-દંડ પ્રરુપ્યું હતું, તેથી તે કારણે આ ભવે તેણે યાવજ્જીવ મૂક વ્રત ધારણ કર્યું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧૮) સ્તવ સ્તુતિ વડે ત્રિકાલ જે ચૈત્ય ન વાંદે તેને પહેલી વારે તપ, બીજી વારે છેદ અને ત્રીજી ઉપસ્થાપના આવે.

(૧૯) અવિધિએ ચૈત્ય વાંદે તો પારાંચિત લાગે.

(૨૦) સહસાત્કારે વાસી ભોજન લેવાઈ ગયું, તે જો તત્કાળ નિરુપદ્રવ સ્થંડિલમાં નહિ પરઠવે તો માસ ખમણુ પ્રાયશ્ચિત લાગે.

(૨૧) રાતે જે છીંકે, ખાંસી કરે અથવા ફળક, પીઠ કે દંડથી થોડો પણુ અવાજ કરે, તો માસ ખમણુ પ્રાયશ્ચિત આવે.

આવી આવી ઘણી વાતો છે કે, જે તમે પણુ માની શકતા નથી, તેથી તમે જ એ ગ્રંથને અપ્રમાણુ કર્યો દેખાય છે.

માટે ઉપધાન પણુ એ જ ગ્રંથમાં કહેલા હોવાથી અમારે પ્રમાણુ નથી. હવે જ્યારે અમે ઉપધાન પ્રમાણુ નથી કરતા, ત્યારે તેના ઉજમણા રૂપે રહેલ માળારોપણુ તો સહેજ અપ્રમાણુ જ થયું.

[ શ્રી રવજી દેવરાજે કરેલા 'શતપદી'ના ભાષાંતરમાંથી ]

■ ■ ■

---

जीवितं यः स्वयं चेच्छेत् कथं सोऽन्यं प्रघात्येत् ।
यद् यदात्मनि चेच्छेत तत् परस्यापि चिन्तयेत् ॥

જે પોતે જીવવા ઈચ્છે છે, એ બીજાનો ઘાત કેવી રીતે કરી શકે? મનુષ્ય જે પોતાના માટે ઈચ્છે, એ જ બીજાઓ માટે પણ વિચારે.

* * *

यदन्यैर्विहितं नेच्छेदात्मनः कर्म पुरुषः ।
न तत् परेषु कुर्वीत जानन्नप्रियमात्मनः ॥

જે અન્ય કૃત વ્યવહારને મનુષ્ય પોતાના માટે નથી ઈચ્છતો, તે વ્યવહાર એ બીજાઓ પ્રત્યે પણ ન કરે. એ જાણે કે જે વ્યવહાર પોતાને અપ્રિય છે, એ બીજાને કેવી રીતે પ્રિય થશે?

* * *

दानं हि भूताभयदक्षिणायाः सर्वाणि दानान्यधितिष्ठतीह ।
तीक्ष्णां तनुं यः प्रथमं जहाति सोऽत्यन्तमानोत्यभयं प्रजाभ्यः ॥

સંસારમાં પ્રાણીઓને અભયની દક્ષિણાનું દાન દેવું એ બધાં દાનોથી ચઢિયાતું છે. જે પ્રથમથી જ હિંસાનો ત્યાગ કરી દે છે, એ બધાં પ્રાણીઓથી અભય થઈને મોક્ષ પામે છે.

---



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org